પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૯ | ૩૦ માર્ચ, ૨૦૨૩, ગુરૂવાર; ચૈત્ર સુદ - ૦૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# કર્ણાટકમાં ૧૦ મેએ મતદાન, ૧૩મીએ પરિણામ

### રામ સીયારામ, જય જય રામ



રામ રામ રામેતિ, રમે રામે મનોરમે ।
સહસ્ત્રનામ તત્તુલ્યમં રામનામ વરાનને ॥

## કર્ણાટકમાં કુલ ૫,૨૧,૭૩,૫૭૯ મતદારો : કર્ણાટકમાં વિધાનસભાનો કાર્યકાળ ૨૪ મેના રોજ સમાપ્ત થઈ રહ્યો છે

નવી દિલ્હી, તા.૨૯

ચૂંટણી પંચે કર્ણાટક વિધાનસભાની તારીખો જાહેર કરી દીધી છે. કર્ણાટકમાં એક જ તબક્કામાં મતદાન થશે. કર્ણાટકમાં ૧૦ મેના રોજ મતદાન થશે. રાજ્યની ૨૨૪ વિધાનસભા બેઠકોના પરિણામ ૧૩ મેના રોજ જાહેર કરવામાં આવશે. રાજ્યમાં કુલ ૫,૨૧,૭૩,૫૭૯ મતદારો છે. આ મતદારોમાં ૧૦૦ વર્ષથી વધુ ઉંમરના ૧૬ હજારથી વધુ મતદારો છે. ચૂંટણી પંચે કહ્યું છે કે કર્ણાટકમાં ૯.૧૭ લાખ નવા મતદારો છે જેઓ પ્રથમ વખત મતદાન કરશે. ૨૪મી મે પહેલા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ જશે. કર્ણાટકમાં વિધાનસભાનો કાર્યકાળ ૨૪ મેના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. છેલ્લી વિધાનસભા ચૂંટણી અહીં મે ૨૦૧૮માં યોજાઈ હતી. કર્ણાટકમાં ૨૨૪ વિધાનસભા સીટો છે. ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૧૦૪ બેઠકો જીતી હતી. જ્યારે કોંગ્રેસને ૮૦ અને જેડીએસને ૩૭ બેઠકો મળી છે. જો કે કોઈ પક્ષને બહુમતી મળી નથી.

કર્ણાટકમાં છેલ્લી વિધાનસભા ચૂંટણી અહીં મે ૨૦૧૮માં યોજાઈ હતી. કર્ણાટકમાં ૨૨૪ વિધાનસભા સીટો છે. ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૧૦૪ બેઠકો જીતી હતી. જ્યારે કોંગ્રેસને ૮૦ અને જેડીએસને ૩૭ બેઠકો મળી છે. કર્ણાટકમાં ૨૦૧૮માં કોઈપણ પક્ષને પૂર્ણ બહુમતી મળી નથી. કોંગ્રેસ અને ત્નહ્વજીએ મળીને સરકાર બનાવી છે. જેડીએસ નેતા કુમારસ્વામી ગઠબંધન સરકારમાં મુખ્યમંત્રી બન્યા હતા. પરંતુ લગભગ ૧૪ મહિના પછી કોંગ્રેસના ઘણા ધારાસભ્યો રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ ગયા હતા જેના કારણે કુમારસ્વામી સરકાર પડી ગઈ હતી. આ પછી ભાજપે બીએસ યેદિયુરપ્પાના નેતૃત્વમાં સરકાર બનાવી હતી. જોકે યેદિયુરપ્પાએ બે વર્ષ બાદ સીએમ પદ પરથી રાજીનામું આપી દીધું હતું. આ પછી બસવરાજ બોમાઈ રાજ્યના સીએમ બન્યા હતા.

કર્ણાટકમાં છેલ્લા ૫ વર્ષમાં ઘણી રાજકીય ઉથલપાથલ થઈ છે. ૫ વર્ષમાં ત્રણ વખત રાજ્યમાં સીએમ બદલાયા, ૨૩ મે, ૨૦૧૮ના રોજ સીએમ તરીકે શપથ લેનારા સૌપ્રથમ કુમારસ્વામી હતા. તેઓ ૨૩ જુલાઈ ૨૦૧૯ સુધી મુખ્યમંત્રી રહ્યા. આ પછી યેદિયુરપ્પા ૨૬ જુલાઈ ૨૦૧૯થી ૨૮ જુલાઈ ૨૦૨૧ સુધી મુખ્યમંત્રી રહ્યા. યેદિયુરપ્પાના રાજીનામા પછી, બસવરાજ ૨૮ જુલાઈ ૨૦૨૧ના રોજ મુખ્યમંત્રી બન્યા.






## દેશમાં કોરોનાના કેસ ૨ હજારને પાર

### કોરોનાના દૈનિક આંકડા જોખમના સંકેત આપી રહ્યા છે : ચાર સંક્રમિત દર્દીઓના મોત, દેશમાં સારવાર કરાવી રહેલા દર્દીઓની સંખ્યા ૧૨ હજાર નજીક પહોંચી ગયા

નવી દિલ્હી, તા.૨૯

કોરોના વાયરસના દૈનિક આંકડા ફરી એક વખત જોખમના સંકેત આપી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં સંક્રમણના ૨ હજાર ૧૫૧ નવા કેસ નોંધાયા છે. આ દરમિયાન ૪ સંક્રમિત દર્દીઓના મોત થયા છે. નવા આંકડા પ્રમાણે દેશમાં સારવાર કરાવી રહેલા દર્દીઓની સંખ્યા ૧૨ હજાર નજીક પહોંચી ગયા છે અને ડેઈલી પોઝિટિવિટી રેટ ૧.૫૧% નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મહારાષ્ટ્ર અને દિલ્હીમાં દર્દીઓની સંખ્યામાં મોટો વધારો જોવા મળી રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય

● અનુસંધાન પાન-૭ પર


જેના વિદ્યાર્થીઓ IAS, IPS, MLA, MP, Collector અને Minister બની ચૂક્યા છે.
ઓસ્ટ્રેલિયાથી અલાસ્કા - સમગ્ર વિશ્વમાં ફેલાયેલા છે તેવા ગુજરાતના નં.1 ઈન્સ્ટિટ્યુટમાં જોડાઈ...
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.
નાણાવટી
The Leader Since 1996
ઘ-2 સર્કલ નજીક, મો. 96240 10555 ઓફિસ સમય સવારે 8 થી 1, સાંજે 4 થી 8
Url : nanavati's world.com - Demo માટે YouTube channel ketanNanavati Gandhinagar ની મુલાકાત લો.

ગાંધીનગર કલ્ચરલ ફોરમનું સભ્યપદ એટલે...

ગીત–સંગીત અને સાહિત્ય, નાટ્ય અને અધ્યાત્મ,
કળા અને લોકકલા જેવા
વિવિધ ક્ષેત્રોના સિધ્ધહસ્ત અને શિરમોર મહાનુભાવોને
આત્મીયતાપૂર્વક મળવાનો અને માણવાનો મોકો!

આ વર્ષે આપણે મળ્યા અને માણ્યા આ કલાકારો અને સર્જકોને...



આ બધા ઉપરાંત આપણી ભવ્ય અને દિવ્ય નવરાત્રી તો ખરી જ...!



આગામી વર્ષના સભ્યપદનું ફોર્મ ભરવાની છેલ્લી તા. 10 એપ્રિલ 2023

લિંક ખોલો, ફોર્મ ભરો
ઓનલાઈન ફોર્મ ભરો અને સરળતાથી સભ્યપદ મેળવો
https://gcf.shreetripada.com/registration.php
ફોર્મમાં તમારી વિગતો ભરીને Online Payment પર ક્લિક કર્યા પછી નવી વિન્ડો ખુલશે, ત્યાં આપના ટ્રાન્ઝેક્શનનો UPI Transaction ID Number લખીને ફોર્મ સબમીટ કરો.

QR CODE સ્કેન કરો
A ગ્રુપ – વ્યક્તિદીઠ રૂા. 4500
B ગ્રુપ – વ્યક્તિદીઠ રૂા. 3500

ભાઈ રમશે ને ભાઈબંધ જોશે, ક્રિકેટનો રોમાંચ પણ સ્થાનિક હશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ પારિવારિક માહોલમાં યોજે છે




GANDHINAGAR PREMIER LEAGUE
ગલી ક્રિકેટનું ગરિમામય આયોજન

ગાંધીનગર પ્રીમિયર લીગ
21 એપ્રિલ થી 10 મે, 2023
ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમી, સેક્ટર-8 મેદાન, ગાંધીનગર

GPLમાં ભાગ લેવા ટીમોએ એન્ટ્રીફોર્મ ભરવાની છેલ્લી તારીખ 10 એપ્રિલ, 2023

સંપર્ક
ગાંધીનગર સમાચાર કાર્યાલય
સેક્ટર-8, ગાંધીનગર